# KARAMSAD ANAND MUNICIPAL CORPORATION

# કરમસદ આણંદ મહાનગરપાલિકા

**મહાત્મા ગાંધી માર્ગ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧, તા.જી.આણંદ, ગુજરાત**

ઈમેઈલ:- amc-and@gujarat.gov.in, ટેલિફોન નં.૦૨૬૯૨-૨૪૩૯૪૨/૪૩/૪૪, ૨૪૪૮૮૧

**<u>સ્થાયી સમિતિ સુચનાપત્ર :-</u>**

કરમસદ આણંદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક તા.૦૫/૦૯/૨૦૨૬ ને શનિવારના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ ખાતે મળશે તે વખતે નીચે જણાવેલ કામો નિર્ણય માટે રજુ કરવામાં આવશે.

<u>વહીવટ વિભાગ</u>

| | |
|---|---|
| ૧ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ શ્રી વિપુલકુમાર કાંતિલાલ શાહ તા.૧૮/૧૦/૧૯૯૪ થી ક્લાર્ક તરીકે નિમણુંક પામેલ અને તત્કાલીન આણંદ નગરપાલિકામાં તા.૦૧/૦૪/૨૦૨૦ થી માહિતી ક્લાર્ક તથા બોર્ડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા, હાલ કરમસદ આણંદ મહાનગરપાલિકામાં માહિતી ક્લાર્ક, મદદનીશ સેક્રેટરિયેટ ક્લાર્ક તરીકે તેમજ માહિતીની પ્રથમ અપીલની કામગીરી તથા આયોગની બીજી અપીલના અહેવાલની કામગીરી જવાબદારી પૂર્વક નિભાવે છે વધુમાં તેઓશ્રી હાલ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થતાં હોય, હાલમાં સદર જગ્યાની કામગીરી બજાવવા અંગે અનુભવી તેમજ સક્ષમ કર્મચારી હાલ કોઈ જણાઈ આવતું ન હોય જેથી કરી તેઓની કામગીરીની અગત્યતા તથા અનુભવને ધ્યાને રાખી તા.૦૧/૦૮/૨૦૨૬ થી પુનઃ ફરજ ઉપર યોગ્ય પગારથી લેવા અંગે જરૂરી યોગ્ય નિર્ણય થવા સારૂ. |

<u>સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગ</u>

| | |
|---|---|
| ૨ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ SJMMSVY યુડીપી-૮૮ સને.૨૦૧૭-૧૮, ૨૦૨૩-૨૪ તથા ૧૪ મું નાણાંપંચ સને.૨૦૧૭-૧૮ ગ્રાન્ટમાંથી આણંદ શહેરના ટીપી-૧૦ એફપી-૨૫૪ માં સ્વિમિંગ પૂલ ડેવલોપમેન્ટ કરવાની કામગીરીના અંદાજીત ખર્ચની રકમ રૂ|.૬,૦૬,૧૪,૪૩૦/- નું આયોજન કરવામાં આવેલ હતું. જે અન્વયે ઈજારદારશ્રી તરીકે ભરતભાઈ એન. હીરાપરા, સુરતનું ટેન્ડર રકમ રૂ|.૬,૩૩,૭૪,૫૧૯/૮૮ પૈસા (૮.૦૦% વધુ ભાવનું) મંજૂર કરેલ હતું તથા સદર ઈજારદારશ્રી દ્વારા કામગીરી પૂર્ણ કરેલ છે. જે મુજબ સદર કામે રોકેલ કન્સલ્ટન્ટશ્રી.ભાવી કન્સલ્ટન્સી, આણંદના આવેલ પત્રમાં જણાવ્યા મુજબ સદર કામગીરી દરમ્યાન અમુક આઇટમમાં જથ્થામાં વધારો તેમજ ઘટાડો થયેલ જે કન્સલ્ટન્ટશ્રી દ્વારા જથ્થા વધારાનું ડેવિએશન શીટમાં દર્શાવેલ છે. સદર કામગીરીમાં ઈજારદારશ્રી દ્વારા કરેલ કામગીરીનું ફાઇનલ બિલ બનાવતા રૂ.૬,૯૩,૬૦,૯૯૦/- થાય છે. જે મંજૂર થયેલ ટેન્ડરની રકમ કરતાં રૂ.૫૯,૯૯,૪૬૩/- પુરા વધારાનો ખર્ચ થયેલ જેની જરૂરી મંજૂરી સારૂં તથા ગ્રાન્ટ કરતાં વધુ થયેલ ખર્ચ ગ્રાન્ટ/સ્વભંડોળમાંથી કરી ઈજારદારશ્રીને બાકી રહેલ બીલની ચુકવણી કરવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

૩ સીવીલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકા ધ્વારા શહેરના મુખ્ય રસ્તાઓના નવીનીકરણની કામગીરી ચાલુ હોય તેવા રોડની સાઇડમાં નવીન બ્લોક ફીટીંગ કામગીરી અર્થે હયાત જુના બ્લોક કાઢીને નવીન બ્લોક ફીટીંગ કરવાના થતાં હોય તેવા જુના બ્લોકનો જથ્થો મહાનગરપાલિકા હસ્તકના જુદા-જુદા પ્લોટમાં સ્ટોર કરવામાં આવે જેનો અંદાજિત ૪૭૦ બ્રાસ હાલ સ્ટોકમાં હોય કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં નગરજનો તથા કોર્પોરેટરશ્રીઓની પોતાના વિસ્તારમાં રસ્તાઓમાં, ધાર્મિક સ્થળોએ વિગેરે જગ્યાઓએ રિફિટિંગ કરવા તથા હાલ હયાત જાહેર માર્ગોની સાઈડોમાં (ઈસ્ટ તથા વેસ્ટ ઝોન) બેસી ગયેલ બ્લોકને રિફિટિંગ કરવાની રજુઆતો આવેલ પરંતુ હાલ જૂના પેવર બ્લોક રિફિટિંગ કરવાની કામગીરી માટે કોઈ ટેન્ડર અસ્તિત્વમાં ન હોય સામાન્ય સભા ઠરાવ નં.૨૮૧ તા.૧૬/૦૩/૨૦૨૬ થી મંજૂર થયેલ એન્યુઅલ રેટ ફોર આર.સી.સી. રોડ અને પેવર બ્લોકના ટેન્ડરમાં પેવર બ્લોક રિફિટિંગની આઈટમ હોય સદર કામગીરી અંગે રૂ|.૧૦૦૦.૦૦ લાખની બજેટમાં જોગવાઈ કરેલ હોય રૂ|.૧૫૦.૦૦ લાખની મર્યાદામાં વાર્ષિક ભાવ મુજબ મંજૂર થયેલ એમપેનલ ઇજારદારશ્રીઓ (૧) જય કોર્પોરેશન,મેહસાણા, (૨) કે.કે.કન્સ્ટ્રકશન,વી.વી.નગર, (૩) આસ્થા કન્સ્ટ્રકશન,બાકરોલ, (૪) દેવ કન્સ્ટ્રકશન,વડોદરા (૫) કમલ એ. પટેલ,આણંદ (૬) વિમલ ઈન્ફ્રાકોન LLP, અમદાવાદનાઓ પાસેથી ઉપરોક્ત કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ.

૪ સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન તથા વેસ્ટ ઝોન વિસ્તારમાં મહાનગરપાલિકાની મિલકતોના રિપેરિંગ તથા રિનોવેશન કરવાની કામગીરી તાત્કાલિકપણે કરી આપવાની અવારનવાર અરજીઓ આવતી હોય સામાન્ય સભા ઠરાવ નં.૨૮ તા.૧૬/૦૫/૨૦૨૫થી ઠરાવ્યા મુજબ એમપેનલ ઈજારદારશ્રીઓ પાસેથી અત્રેની કચેરી દ્વારા સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કામો કરવામાં આવે છે. સદર એન્યુઅલ રેટ ટેન્ડરની સમયમર્યાદા તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ પૂર્ણ થઈ ગયેલ હોઈ નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ અંતર્ગત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ યોજના થકી સ્વભંડોળ/બિલ્ડીંગને સંલગ્ન કામગીરીમાં ઝડપ લાવવા તથા વિકાસલક્ષી બિલ્ડિંગના કામો વહેલીતકે પૂર્ણ થાય તે હેતુસર નવેસરથી એન્યુઅલ રેટ ટેન્ડર નીચે મુજબ કરવા જરૂરી નિર્ણય થવા સારૂ.

| અનુ. | ટેન્ડરની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | એન્યુઅલ રેટ કોન્ટ્રાકટ ફોર રિપેરિંગ એન્ડ રિનોવેશન વર્કસ ઇન વેરિયસ બિલ્ડિંગ ઓફ ઈસ્ટ ઝોન એન્ડ વેસ્ટ ઝોન ઓફ કરમસદ આણંદ મ્યુનિસપલ કોર્પોરેશન. | રૂ|.૨૦.૦૦ કરોડ |

આમ મહાનગરપાલિકા વિસ્તારમાં જરૂરિયાત મુજબની કામગીરીને ધ્યાને લઈ ઉપરોક્ત અનુ.નં. ૧ અને ૨ મુજબના કામોના એન્યુઅલ રેટના DTP (Detail Tender Papers) ની જરૂરી મંજૂરી મળવા સારૂ તથા ઈ-ટેન્ડર નોટિસ મારફતે ટેન્ડર મંગાવવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ.

## વોટર વર્કસ અને ડ્રેનેજ વિભાગ

૫ વોટર વર્કસ અને ડ્રેનેજ વિભાગના રિપોર્ટ મુજબ સામાન્ય સભા ઠરાવ નં.૨૧૭ તા.૧૯/૦૧/૨૦૨૬ થી ઠરાવ્યા અનુસાર કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારના બાકરોલ-વડતાલ રોડ પર આવેલ ગોયુ તળાવમાં જંગલી વનસ્પતિઓ ઉગી નિકળેલ છે તેમજ તળાવમાં લેવલીંગ ન હોવાથી ત્યાં લેવલ કરવા માટે તેમજ ગામડીમાં ગાયત્રી મંદિર સામે આવેલ પાણીની ટાંકીના પ્લોટમાં, ટી.પી.૪ મંગળપુરા પાસેના પ્લોટમાં તથા વ્યાયામશાળા આંબેડકરભુવન પાસે આવેલ રેલ્વે લાઇન પાસેના પ્લોટમાં સાફ-સફાઇ કરાવી લેવલીંગ કરાવવાની જરૂરીયાત હોય જેના અંદાજીત ખર્ચની રકમ રૂા.૧૦.૦૦ લાખ પુરાને મંજુર કરવામાં આવેલ. તેમજ સદર કામગીરી મંજુર થયેલ એજન્સી પાસેથી વાર્ષિક ધોરણે કરાવવા મંજુર કરેલ તે મુજબ ઇજારદારશ્રી કરસનભાઇ આર. ભરવાડ, આણંદને વર્ક ઓર્ડર આપતાં ઇજારદારશ્રી ધ્વારા સ્થળ પર કામગીરી પૂર્ણ કરતાં આવેલ બીલની રકમ (૧) રૂા.૮,૨૮,૮૦૦/- (૨) રૂા.૯,૪૦,૮૦૦/- અને (૩) રૂા.૬,૫૮,૦૦૦/- મળી કુલ રકમ રૂા.૨૪,૨૭,૬૦૦/- પુરાનુ રજૂ કરેલ જેની જરૂરી મંજુરી સારૂ તેમજ સદર બીલની રકમમાંથી નિયમોનુસારની કુલ કાપવાપાત્ર રકમ રૂા.૧,૨૧,૩૮૦/- પુરા બાદ જતાં બાકી રહેતી રકમ રૂા.૨૩,૦૬,૨૨૦/- પુરા ઇજારદારશ્રી કરસનભાઇ આર. ભરવાડ આણંદને ખર્ચે પાડી આપવા જરૂરી નિર્ણય થવા સારૂ.

૬ વોટર વર્કસ અને ડ્રેનેજ વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના આણંદ શહેરના ટી.પી.૧, ૨ અને ૩ વિસ્તારમાં વર્ષો જુની પાણીની પાઇપ લાઇનો હોવાથી અવાર-નવાર લીકેજ થવાના કારણે રોગચાળો અને આરોગ્યલક્ષી પ્રશ્નો ઉપસ્થિત થાય છે સદર સમસ્યાના કાયમી નિવારણ અર્થે નવિન પાણીની પાઇપ લાઇનના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને પાણીના જોડાણની કામગીરી કરાવવા કન્સલ્ટન્ટશ્રી મલ્ટી મીડીયા કન્સલ્ટન્ટસ પ્રા.લી., અમદાવાદને પ્લાન, નકશા, અંદાજપત્ર અને ડી.પી.આર. વિગેરે તૈયાર કરવાનો વર્કઓર્ડર આપતાં કન્સલ્ટન્ટશ્રી ધ્વારા ઉપરોક્ત વિસ્તારમાં પાણીની પાઇપ લાઇનના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને પાણીના જોડાણની કામગીરી કરવાના અંદાજીત ખર્ચની રકમ  રૂા. રૂા.૪૧,૩૪,૨૧,૬૫૦/- પુરાનો ડી.પી.આર. સબમીટ કરેલ હોઈ જે અંગે નિર્ણય કરી મંજુરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ.

૭ વોટર વર્કસ અને ડ્રેનેજ વિભાગ રિપોર્ટ મુજબ સામાન્ય સભા ઠરાવ નં. ૨૬૩, તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઠરાવ્યા અનુસાર SJMMSVY યોજના હેઠળ જીટોડીયા દાંડીમાર્ગથી ચાવડાપુરા થઇ જીટોડીયા તળાવ સુધી વરસાદી પાણીની લાઇન નાંખવાની કામગીરી અંગે ટેન્ડરિંગ કરતાં ક્વોલીફાઇડ થયેલ ઇજારદારશ્રી ઓનલાઇન પ્રાઇસ બીડ નીચે મુજબના આવેલ છે.

| ક્રમ | ઇજારદારશ્રીનું નામ | ટેન્ડર રકમ | ઓછા/વધુ (ટકા) | આવેલ ટેન્ડરની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રિકેશ વી. શાહ, કરમસદ | ૧,૦૯,૧૪,૪૯૯.૦૦ | ૪.૯૫% વધુ | ૧,૧૪,૫૪,૭૬૬.૭૦ | L1 |
| ૨ | પીએનપી ઇન્ફ્રાકોન, અમદાવાદ | ૧,૦૯,૧૪,૪૯૯.૦૦ | ૬.૦૦% વધુ | ૧,૧૫,૬૯,૩૬૮.૯૪ | L2 |
| ૩ | કેશવ એન્ટરપ્રાઇઝ, જામનગર | ૧,૦૯,૧૪,૪૯૯.૦૦ | ૨૨.૦૦% વધુ | ૧,૩૩,૧૫,૬૮૮.૭૮ | L3 |

આમ, ઉપરોક્ત કોષ્ટક મુજબ L1 ઇજારદારશ્રી તરીકે બ્રિકેશ વી. શાહ, કરમસદનાઓના નેગોશીએશન કર્યા બાદનું ટેન્ડર રકમ રૂા.૧,૧૩,૪૫,૬૨૧.૭૧ પુરાનું (૩.૯૫% વધુ) આવેલ હોય જેની જરૂરી મંજુરી સારૂ તથા ઇજારદારશ્રી બ્રિકેશ વી. શાહ, કરમસદ પાસેથી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ.

## સેનિટેશન વિભાગ

| | |
|---|---|
| ૮ | સેનિટેશન વિભાગનાં રિપોર્ટ મુજબ સદર કામે નોંધથી મળેલ મંજૂરી મુજબ સેનિટેશન વિભાગ મારફતે કરમસદ આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિદ્યાનગર,કરમસદ,જીટોડિયા, લાંભવેલ,ગામડી તેમજ મોગરી વિસ્તારની મિલ્કતો માટે નવીનતમ ટેકનોલોજી અને સિસ્ટમો દ્વારા પોતાના બંધ બોડી વાહનો સાથે ડોર-ટુ-ડોર/ ગેટ/સ્પોટ/જીવીપી એમએસડબલ્યુ કલેક્શન અને ટ્રાન્સપોર્ટેશન કાર્ય માટે કોન્ટ્રાક્ટરની પસંદગીની કામગીરી કરવા માટે ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ. જેમાં નિયમ મુજબ ઓનલાઇન ટેન્ડર કરતાં L1 તરીકે Urban Enviro Waste Management, Nagpur-Maharashtraનાઓના રૂા.૨,૯૬,૪૬,૦૯૪.૨૦ પુરાનો વાર્ષિક ભાવ આવેલ જે મંજૂર થયેલ એસ્ટીમેટની રકમ કરતાં રૂા.૫,૨૪,૧૯૪.૨૦ પુરા (૧.૮%) વધુ આવેલ જેની જરૂરી મંજુરી સારૂં તેમજ સદર L1 એજન્સીના આવેલ ભાવને મંજૂર કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## મીકેનિકલ ઈજનેરી વિભાગ

| | |
|---|---|
| ૯ | મીકેનિકલ ઈજનેરી વિભાગના રિપોર્ટ કે, કરમસદ આણંદ મહાનગરપાલિકાની જુદી જુદી ઓફિસોમાં ઉપલબ્ધ વાહનોમાં જે વાહનોના હાલમાં ૧૫ વર્ષ પુરા થતાં નથી પરંતુ વાહન વારંવાર રીપેરીંગ/સર્વિસ કરાવવા છતાં થોડા સમય બાદ બંધ પડી જાય છે. જેથી આવા મોટોરાઇઝ તેમજ નોન મોટોરાઇઝ વાહનો વપરાશમાં લઈ શકાય તેમ ન હોય તેમજ સેનેટરી વિભાગના મોબાઈલ ટોઇલેટ, કન્ટેનર કેરિયર, ટ્રેક્ટર-ટ્રોલી જે કંડમ વાહનનોને ભંગારમાં કાઢવા સુચના આપેલ જે મુજબ કુલ-૪૮ વાહન થાય છે. જેનો રીપેરીંગ/મેન્ટેનન્સ ખર્ચ વધારે થાય તેમ હોય સદર વાહનોની હરાજી/રદબાતલ કરાવવા અંગે જરૂરી મંજુરી મળવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## વહીવટ વિભાગ

| | |
|---|---|
| ૧૦ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ UDUHD/MSM/e-file/18/2025/1660/P Section તા.૨૪/૦૭/૨૦૨૬માં જણાવ્યા મુજબ માજી સૈનિકોને અનામત બાબતે, રાજ્ય સરકારની સીધી ભરતીના ફાળાની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓમાંથી ૧% અને વર્ગ-૩ની જગ્યાઓમાંથી ૧૦% તથા વર્ગ-૪ની જગ્યાઓમાં ૨૦% જેટલી જગ્યાઓ માજી સૈનિકો (એક્સ-સર્વિસમેન) માટે અનામત રાખવા અંગે નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી કરમસદ આણંદ મહાનગરપાલિકામાં ભરતી પ્રસંગે સામાન્ય વહીવટી વિભાગના જાહેરનામા ક્રમાંક GS/2018- (2)-RES-1085-3433-G2, તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામાથી પ્રસિદ્ધ થયેલ The Gujarat Ex-Servicemen (Recruitment of State Civil Services and Posts) Rules, 2018 અંગેની તમામ જોગવાઈઓનું અમલીકરણ કરવા ગુજરાત રાજ્યની તમામ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જણાવવામાં આવેલ હોય જેની અમલવારી અંગે જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૧ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક નં.સીડીઆર/૧૬૨૦૦૫/૬૧૩/ત.એ/ભાગ-૯, તા.૦૬/૦૪/૨૦૨૬ અત્રેની કચેરીમાં પ્રાથમિક તપાસ,ખાતાકીય તપાસની કામગીરી માટે રચાયેલ નિવૃત્ત અધિકારીઓની પેનલની રચના કરવાની થાય છે તો આ સાથે સામેલ રાખેલ ઠરાવણી શરતો મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગોના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની ખાતાકીય તપાસ અને પ્રાથમિક તપાસની કામગીરી હેતુસર ફાળવેલ વિભાગની કામગીરી અધિકારીઓને પ્રાથમિક તપાસ અને ખાતાકીય તપાસની કામગીરી માટે નિવૃત્ત સરકારી અધિકારીઓની સેવા લેવા માટે જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

| | |
|---|---|
| ૧૨ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ, ગુજરાત રાજ્ય, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટિફિકેશન ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2025/0319/P Section, તા.૦૬/૦૭/૨૦૨૫ થી વર્ગ-૧ ની કુલ-૧૩ જગ્યા તેમજ વર્ગ-૨ અને વર્ગ-૩ની કુલ-૩૦૬ જગ્યા મળી કુલ-૩૧૯ નું માળખું મંજુર થયેલ છે અત્રેની મહાનગરપાલિકામાં જગ્યાઓની ભરતી પ્રક્રિયા માટેની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે તેમાં વધુ સમય થઈ શકે તેમ હોઈ કામના ભારણને ધ્યાને રાખતા કામગીરી અર્થે ગુજરાત સરકારના વિવિધ વિભાગો જેવા કે, મહાનગરપાલિકા, નગરપાલિકા તથા નિગમ વિગેરેમાંથી કાર્યરત કર્મચારીશ્રી/અધિકારીશ્રીને પ્રતિનિયુક્તિ અથવા લોન સર્વિસ સ્વરૂપે મેળવવા અર્થેની તમામ અનુરૂપ કાર્યવાહી અર્થે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગ

| | |
|---|---|
| ૧૩ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ ગુજરાત શહેરી વિકાસ મિશનના પત્ર દ્વારા જણાવ્યા મુજબ નોડલ એજન્સી તરીકે GUDM, ગાંધીનગર રહેશે તથા પત્રમાં જણાવ્યા મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાને પ્રતિ લાઈબ્રેરી મળવાપાત્ર મહત્તમ રાજ્ય સહાય રૂ|.૫.૦૦ (પાંચ) કરોડ ફાળવવામાં આવનાર છે. સદર કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં લાઈબ્રેરીને અનુકૂળ સ્થળ નક્કી કરી તે મુજબ ડિઝાઇન, ટેકનિકલ ડ્રોઈંગ, અંદાજિત ખર્ચ સહની તમામ વિગતોનો સમાવેશ કરતો વિગતવાર DPR તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સહ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગરને રજૂ કરવા જણાવેલ હોઈ સામાન્ય સભા ઠરાવ નં.૨૪૯ તા.૨૬/૦૨/૨૦૨૬ થી મળેલ સત્તાની રૂએ એમપેનલ કરેલ કન્સલ્ટન્ટ (૦૧) અથર્વ એંજીન્યરિંગ, આણંદ (૨) અપસ્કેલ ડિઝાઈન્સ, આણંદમાંથી પસંદ કરી કામગીરીના પ્લાન, નકશા, અંદાજો, ડી.પી.આર વિગેરે તૈયાર કરી સરકારશ્રીમાં દરખાસ્ત કરવા જરૂરી નિર્ણય થવા સારું તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૪ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના લેટર નં.UDUHD/1107/06/2026 તા.૦૧/૦૭/૨૦૨૬ થી અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓના વિકાસ માટે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના ૭૦:૨૦:૧૦ અમલમાં મૂકવામાં આવેલ છે. સદર યોજના અંતર્ગત “ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના” ઘટક હેઠળ મહાનગરપાલિકાએ હાથ ધરવાના થતાં કામો અંગે આ સાથે સામેલ પત્ર મુજબ જોગવાઈઓ ઠરાવવામાં આવે છે. જેમાં યોજના હેઠળ હાથ ધરી શકાય તેવા કામોમાં (૧) મૂળભૂત માળખાકીય સુવિધાઓ (રોડ રસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઇટના કામો, રેન વોટર હાર્વેસ્ટિંગ તથા વરસાદી જળ સંગ્રહ જેવા કામો (૨) આંતરિક ગટર લાઇનનું મુખ્ય ગટર લાઇન સાથેનું જોડાણ (૩) અર્બન ગ્રીનિંગ (૪) સ્પોર્ટ અને અન્ય સુવિધાઓ (ઓપન જીમ, પ્લે ગ્રાઉંડ અને CCTV કેમેરા) (૫) કલાઈમેટ રેસિલિયન્સનો સમાવેશ થાય છે. જે માટે સહાયનું ધોરણ ૭૦:૨૦:૧૦ મુજબ છે.<br><table><tr><th>રાજ્ય સહાયનો ફાળો</th><th>ખાનગી સોસાયટી જનભાગીદારીનો ફાળો</th><th>શહેરી સ્થાનિક સંસ્થાનો ફાળો (સ્વભંડોળ)</th></tr><tr><td>૭૦%</td><td>૨૦%</td><td>૧૦%</td></tr></table>કરમસદ આણંદ મહાનગરપાલિકાના તમામ વિસ્તારમાં આવેલ વિવિધ ખાનગી સોસાયટીઓમાં કામગીરી કરાવવા હેતુ તથા સદર યોજના અંતર્ગત આવેલ અરજી તથા આવનાર અરજીઓ માટે જરૂરી સર્વે કરી સરકારશ્રીમાં નીતિનિયમ મુજબ દરખાસ્ત કરવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## શહેરી મેલેરીયા વિભાગ

| | |
|---|---|
| ૧૫ | શહેરી મેલેરીયા વિભાગના રીપોર્ટ મુજબ સા.સ.ઠરાવ.નં.૨૪૨,તા.૨૬/૦૨/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના હદ વિસ્તારોમાંથી મચ્છર ઉપદ્રવ વધુના થાય તે માટે નવીન નાના ફોગીંગ મશીન નંગ-૦૫ ખરીદ કરવા નિયમોનુસાર GEM પોર્ટલ પર પ્રક્રિયા કરતા કુલ ૦૨ ઇજારદારશ્રીઓ ક્વોલીફાઇડ થયેલ તથા સા.સ.ઠરાવ.નં.૨૪૩,તા.૨૬/૦૨/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ મોટું ફોગીંગ મશીન નંગ-૦૧ ખરીદ કરવા નિયમોનુસાર GEM પોર્ટલ પર પ્રક્રિયા કરતા કુલ-૦૨ ઇજારદારશ્રીઓ ક્વોલીફાઇડ થયેલ જેના પ્રાઈઝબીડ જોતા બંને કામગીરીમાં L1 એજન્સી તરીકે New Era Traders, Ahmedabadના આવેલ નવીન નાના ફોગીંગ મશીન ભાવ રકમ રૂા.૮,૭૩,૦૦૦/- સૌથી ઓછા હોય તથા નવીન મોટું ફોગીંગ મશીન ભાવ રકમ રૂા.૧૫,૮૪,૦૦૦/-સૌથી ઓછા આવેલ હોય જે અંગે નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અધ્યક્ષસ્થાને કમિટીની બેઠકમાં કરવાની થતી કામગીરી તથા અમલીકરણ માટે ચર્ચા વિચારણા કરતાં સદર ટેન્ડરના સ્પેસિફિકેશન મુજબના નવીન નાના ફોગીંગ મશીન નંગ-૦૫ અને નવીન મોટું ફોગીંગ મશીન નંગ-૦૧ ખરીદ કરવા L1 એજન્સી તરીકે New Era Traders, Ahmedabad ના આવેલ ભાવો મંજુર કરવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન વિભાગ

| | |
|---|---|
| ૧૬ | ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન વિભાગના રિપોર્ટ મુજબ નવીનતમ ઉપલબ્ધ તકનીકોનો ઉપયોગ કરીને વેબ પોર્ટલ, વેબ સક્ષમ એપ્લિકેશન્સ, વેબસાઇટ્સ અને મોબાઇલ એપ્લિકેશન્સના સિસ્ટમ એનાલિસિસ, ડિઝાઇન, ડેવલોપમેન્ટ, અમલીકરણ અને જાળવણીમાં વિભાગ(ઓ)ની વધતી જતી જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે. iNDEXTb પર 02 (બે) વર્ષના સમયગાળા માટે ટેકનિકલ માનવશક્તિ પૂરી પાડવામાં આવતી કામગીરી માટે આવેલ ઇજારદારશ્રી (૧) Ethos HR Management and Projects Private Limited, Ahmedabad અને (૨) Sunrise Computer & Mgt. Consultancy Pvt.Ltd., Ahmedabad ના આવેલ LOI માં જણાવ્યા મુજબ એજન્સીને સોફ્ટવેર વિકાસ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે તકનીકી માનવશક્તિ પૂરી પાડવા માટે iNDEXTb પર 02 (બે) વર્ષના સમયગાળા માટે શરતોને આધીન કરમસદ આણંદ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોને જરૂરી IT સંબંધિત સેવાઓ માટે ઉપરોક્ત ઇજારદારશ્રીઓને એમપેનલમાં સમાવવા જરૂરી નિર્ણય થવા સારૂ. |

## ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગ

| | |
|---|---|
| ૧૭ | ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગના રિપોર્ટ મુજબ તા.૦૮/૦૬/૨૦૨૬ થી ૩૧/૦૭/૨૦૨૬ સુધીના આગ લાગવાના બનેલ બનાવો અંગે કરેલ કાર્યવાહીનો રિપોર્ટ જાણ માટે રજુ. |

નોંધ : ઉપરના કામ સિવાયના અધ્યક્ષ સ્થાનેથી બીજા જે કોઈ કામ રજુ કરવામાં આવે તે.

તા.૩૧/૦૮/૨૦૨૬

આદેશથી,

કલ્પેશ પરમાર
ઈ.ચા.મ્યુનિ. સેક્રેટરી
કરમસદ આણંદ મહાનગરપાલિકા